## સુરતમાં વાજતે-ગાજતે દશામાની પધરામણી

અષાઢ માસના છેલ્લા દિવસ એટલે અમાસથી શરૂ થતાં દશામાના વ્રતનું સુરત સહિત સમગ્ર રાજ્યમાં અનેરું મહત્ત્વ છે. શનિવારે ભાગળ ચાર રસ્તા પર દશામાની પ્રતિમાની વાજતે-ગાજતે પધરામણી થઈ હતી. દશામાના આગમનમાં ભક્તોનું જાણે ઘોડાપૂર ઊમટી પડ્યું હતું. અમાસથી દસ દિવસ માની આરાધના અને પૂજા-અર્ચના માટે વિશેષ બની રહેશે. **(તસવીર : હેમંત ડેરે)**

### કોર્ટની દાદર પાસે બેભાન થયા બાદ આરોપીના મોતમાં

# પોલીસ પર આક્ષેપ સાથે બે દિવસ બાદ પરિવારે મૃતદેહ સ્વીકાર કર્યો

**સામાજિક** અગ્રણીઓની અને પોલીસની સમજાવટ બાદ મામલો થાળે પડ્યો, જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહીની માંગ

સુરતઃ સુરત કોર્ટમાં ચોરીના ગુનામાં આરોપી તરીકે પ્રોડક્શન માટે લાવવામાં આવેલા 33 વર્ષીય યુવકનું મોત થતાં પોલીસ સામે પરિવારજનોએ ગંભીર આક્ષેપો કરી મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કરતાં મામલો સંવેદનશીલ બન્યો હતો. અંતે સમજાવટ બાદ મૃતદેહ સ્વીકારી લીધો હતો.

કામરેજના મનોકામના સોસાયટી વિસ્તારમાં રહેતા નરેશ મધુ પરમાર (ઉં.વ.33) ની કતારગામ પોલીસે ચોરીના ગુનામાં ધરપકડ કરી હતી. 6 ઓગસ્ટના રોજ બપોરના સમયે નરેશ પરમારને કોર્ટમાં પ્રોડક્શન માટે લાવવામાં આવ્યો હતો. તેને કોર્ટ બિલ્ડિંગમાં લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે દાદર નજીક અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો. ઘટનાને પગલે તેને તાત્કાલિક સારવાર મળે તે પહેલાં જ તેનું મોત થયું હોવાનું સામે આવ્યું હતું.

નરેશના મોત બાદ પરિવારજનોએ કતારગામ પોલીસ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. પરિવારનો આરોપ હતો કે પોલીસ કસ્ટડી દરમિયાન નરેશને માર મારવામાં આવ્યો હતો અને તેના કારણે તેની તબિયત વધુ લથડી હતી. પરિવારજનોએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે નરેશ અગાઉથી બીમાર હોવા છતાં તેને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાને બદલે કોર્ટમાં પ્રોડક્શન માટે લાવવામાં આવ્યો હતો. મૃતકનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ફોરેન્સિક પીએમની કાર્યવાહી બાદ પણ પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કરી પરિવારજનોએ જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. છેલ્લા બે દિવસથી મૃતદેહ નવી સિવિલ હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો. દરમિયાન આજે સામાજિક અગ્રણીઓ તેમજ પોલીસ દ્વારા પરિવારજનો સાથે ચર્ચા કરી તેમને સમજાવવામાં આવ્યાં હતાં. લાંબી સમજાવટ બાદ પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાની સંમતિ આપી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### CBI દ્વારા સુરત ખાતે 'મેગા MSME ક્રેડિટ આઉટરિચ કેમ્પેઇન' યોજાયું

સુરતઃ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા સુરત ખાતે મેગા MSME ક્રેડિટ આઉટરિચ કેમ્પેઇનનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના આ અભિયાન દરમિયાન 105.29 કરોડના ફ્રેશ સેન્ક્શન પ્રાપ્ત થયા છે, જ્યારે 156.58 કરોડના MSME બિઝનેસ લીડ જનરેટ થયા છે. આ રીતે આ અભિયાન દરમિયાન કુલ 261 કરોડનું બિઝનેસ એચિવમેન્ટ નોંધાયું છે.

### ગૌતમ અદાણીની પહેલ 'વંદે ભારતમ્' માટે 28 હજારમાંથી પ્રથમ જૂથની પસંદગી

અમદાવાદઃ અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ પોતાની પહેલ' હેઠળ 'વંદે ભારતમ' માટે સમગ્ર ભારતમાંથી મળેલી ૨૬,000થી વધુ અરજીઓમાંથી તેના પ્રથમ નવોદિત સંશોધકોના સમૂહની પસંદગી કરી છે. પ્રથમ સમૂહના લોન્ચિંગ પ્રસંગે ગૌતમ અદાણીએ કહ્યું હતું કે, વર્ષો પછી આપણે આ પ્રથમ જૂથ તરફ ફરી નજર નાંખીશું ત્યારે તેમાં એવા સ્થાપકો અને નવીન વિચારકો જોવા મળશે. જેમણે એવા સાહસોનું નિર્માણ તથા ભારતના પરિવર્તનમાં યોગદાન આપ્યું હશે. આ કાર્યક્રમનું સમાપન ૧૪ ઓગસ્ટે 'વંદે ભારતમ ગ્રાન્ડ ફિનાલે'સાથે થશે, જેમાં શ્રેષ્ઠ નવીન વિચારકોનું સન્માન 'વંદે ભારતમ ટ્રોફી' એનાયત કરી થશે.

### શ્રી મોઢ પટણી સમાજનાં પ્રિયંકા ગાંગડવાલા પીએચ.ડી. થયાં

સુરતઃ કોમર્સ અને એકાઉન્ટન્સી ફેકલ્ટીમાંથી 'AN ANALYTICAL STUDY OF FINANCIAL LITERACY AND INVESTMENT PATTERN AMONG WORKING WOMEN IN SURAT CITY' વિષય પર મહાશોધ નિબંધ બદલ ડો. પ્રિયંકા ધ્રુવ ગાંગડવાલાને તા. 07 ઓગસ્ટ 2026ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરફથી પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે.

### AURO યુનિ. ઇન્ટિગ્રલ એજ્યુકેશન પર દેશની પ્રથમ પરિષદ યોજશે

સુરતઃ AURO યુનિવર્સિટી, સુરત, 10-11 ઓગસ્ટ, 2026 ના રોજ પોતાના અર્થસ્પેસ કેમ્પસ, હજીરા રોડ ખાતે 'ઇન્ટિગ્રલ એજ્યુકેશનઃ થિયરી, પ્રેક્ટિસ એન્ડ ટ્રાન્સફોર્મેશન' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરશે. સ્કૂલ ઓફ ઇન્ટિગ્રલ એજ્યુકેશન દ્વારા શ્રી અરવિંદ ઇન્ટિગ્રલ લાઇફ સેન્ટર (સુરત અને અમેરિકા) ના સહયોગથી આયોજિત આ હાઇબ્રિડ કાર્યક્રમને સુરતમાં પોતાની રીતે અનોખો અને ભારતમાં આ સ્તરની પ્રથમ પરિષદોમાંની એક ગણવામાં આવે છે. ઉદ્ઘાટન ઓરો યુનિ.ના પ્રો-વોસ્ટ અને વાઇસ ચાન્સેલર પ્રોફેસર પરિમલ એચ. વ્યાસ દ્વારા કરવામાં આવશે, જ્યારે ઉદ્ઘાટન વ્યાખ્યાન શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીના ડો. અલોક પાંડે આપશે. વક્તાઓમાં ડો. અંજલી જયપુરિયા, શ્રી રંજન મિત્તર, ડો. અજિત સબનીસ, ડો. છલમાચી રેડ્ડી અને ડો. જયંતી રામચંદ્રનનો સમાવેશ થાય છે. સમાપન સત્રને મુખ્ય અતિથિ તરીકે એમ.એસ. યુનિવર્સિટી ઓફ બરોડાના વાઇસ ચાન્સેલર ડો. બાલચંદ્ર એમ. ભાનાગે સંબોધશે.

### ધાનેરા બિઝનેસ ગ્રુપ દ્વારા મહિલાઓના એક્ઝિબિશનનું આયોજન

સુરતઃ ઘરેથી વસ્તુઓ બનાવી વેપાર કરતી મહિલાઓ માટે ધાનેરા બિઝનેસ ગ્રુપ દ્વારા વેસુ, વિજ્યાલક્ષ્મી હોલ ખાતે 5મું એક્ઝિબિશન યોજાયું હતું. છેલ્લા 4 વર્ષથી આ રીતે ધાનેરા બિઝનેસ ગ્રુપ દ્વારા એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પહેલા દિવસે સુરતના મેયર માયાબેન માવાણી ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષ આ આયોજનમાં મહિલાઓને MSME શું છે તેના ફાયદા વિશેની જાણકારી આપવામાં આવશે તથા તેના દ્વારા કેવી રીતે વેપારને વિકસાવવો તેની વિગતવાર માહિતી આપવામાં આવશે.

### KSKP વિદ્યાલયની વિદ્યાર્થિની પ્રિયાંશી પટેલનું સ્વિમિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

સુરતઃ શ્રી ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, ભટાર સંચાલિત કે.એસ.કે.પી. માધ્યમિક અને ઉચ્ચ. મા. વિદ્યાલયની ધો.૧૦ની વિદ્યાર્થિની પ્રિયાંશી શૈલેષભાઈ પટેલે SGFI - 2026 દ્વારા રૂસ્તમપૂરા સ્વિમિંગ પુલ, સુરત ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી 50 મી. ફ્રી સ્ટાઈલ, 100 મી. ફ્રી સ્ટાઈલ અને 200 મી. ફ્રી સ્ટાઈલમાં પ્રથમ ક્રમ મેળવી કુલ 3 ગોલ્ડ મેડલની શાનદાર સિદ્ધિ હાંસલ કરીને સ્ટેટ લેવલે પસંદગી પામી સુરત જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધી બદલ શાળાના પ્રમુખ પી. બી. પટેલ, મંત્રી કે. એન. પટેલ શિ.સ. કન્વીનર ચેલાભાઈ એસ. પટેલ અને સમગ્ર ટ્રસ્ટી, હોદ્દેદારો તથા આચાર્યા રેશ્મા પટેલ, શિક્ષકગણે અભિનંદન પાઠવ્યા હતા.

### જો સમાજનું ડેવલપમેન્ટ થશે તો જ સમાજનું નિર્માણ થશેઃ પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, જેની પાસે સમજ છે તેને સમાજ કહેવાય. આજે કુટુંબ, પરિવાર, સમાજ અને રાષ્ટ્રમાંથી સમજશક્તિ ગાયબ થઈ રહી છે. જેનાં કારણે ઘણી બધી સમસ્યાઓ ઊભી થઈ રહી છે. ભૌતિકશક્તિઓની ભરમાર વધી રહી છે અને અધ્યાત્મશક્તિઓ ઘટી રહી છે. જો સમજનું ડેવલપમેન્ટ થતું જાય તો સમાજનું નિર્માણ થતું જાય. સમાજ આજે વેરવિખેર થઈ રહ્યો છે. સમાજને વેરવિખેર કરવાનું કામ યંત્રવાદ અને આંધળા અનુકરણવાદે કર્યું છે. વિખવાદ અને વિવાદોને ઊભા કરવાનું કામ અણસમજે કર્યું છે. જેની તેની સાથે સંવાદ કરવાની જરૂર છે. સંઘર્ષો કરવાથી ક્યારેય કોઈ પણ સમસ્યાઓનો ઉકેલ નહીં આવે.

# સુરતીઓ કેટલું ખાઈ ગયા? 3 દિનમાં 754 કિલો અખાદ્ય ખોરાક પકડાયો

**મનપાએ** ૩.18.94 લાખનો દંડ વસૂલ્યો

સુરતઃ સુરત મનપાના આરોગ્ય વિભાગ દ્વારા રાત્રિ દરમિયાન હાથ ધરાયેલી ચેકિંગ ઝુંબેશમાં ભારે બેદરકારી સામે આવી છે. તંત્ર ભલે દંડ વસૂલીને પોતાની પીઠ થાબડતું હોય, પરંતુ આ કડક કાર્યવાહીથી એ વાત છતી થાય છે કે સુરતીઓ રોજેરોજ કેટલો અખાદ્ય, વાસી અને ઝેરી ખોરાક ઝાપટી રહ્યા છે. તા. 7 મી ઓગસ્ટે નાઈટ સ્કવોડ દ્વારા વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ કરીને કુલ 95.6 કિલો અખાદ્ય ખોરાકનો જથ્થો ઝડપી તેનો નાશ કરવામાં આવ્યો હતો. માત્ર 3 જ દિવસમાં કુલ 4,142 સંસ્થાઓનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન 754.2 કિગ્રા અખાદ્ય ખોરાકનો નાશ કરી 18,94,000 નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો છે. સેન્ટ્રલ ઝોનમાં (દાણાપીઠ, કમાલ ગલી અને રેલવે સ્ટેશન), વરાછા ઝોન-એ (વરાછા વિસ્તાર), વરાછા ઝોન-બી (સરથાણા, મોટા વરાછા), રાંદેર ઝોનમાં (હની પાર્ક રોડ, પાલ રોડ, પાલનપુર રોડ, અડાજણ પાટિયા રોડ), કતારગામ ઝોનમાં (વાળીનાથ ચોક થી ધનમોરા રોડ), ઉધના ઝોન-એ (ઉધના દરવાજા થી ઉધના ત્રણ રસ્તા), ઉધના ઝોન-બી (સુડા સેક્ટર-2, 3 અને ગ્લોરીના વેલી થી કનકપુર વોર્ડ ઓફિસ રોડ), અઠવા ઝોનમાં (અઠવા વિસ્તાર) અને લિંબાયત ઝોનમાં (લિંબાયત વિસ્તાર)ના મુખ્ય વેપારી તેમજ ખાણી-પીણીના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# પાલમાં 6 ફૂટ ઊંડો મેઈન હોલ ઉહાપોહ થતાં અંતે બંધ કરાયો

**પાલમાં** નાયરા પેટ્રોલ પંપ પાસે આ મેઈન હોલ અડધો ખુલ્લો હતો, કોઈ બાળક ગરકાવ થાય તો મોટી દુર્ઘટના થાય તેવું હતું

સુરતઃ ભૂતકાળમાં વરિયાવમાં ખુલ્લી ગટરમાં એક બાળક પડી જઈને મોતની ઘટના બની હોવા છતાં પણ મનપાનું તંત્ર હજુ બેદરકાર છે. પાલમાં નાયરા પેટ્રોલ પંપની બિલકુલ બાજુમાં આવેલા વરસાદી પાણીની લાઇનનો આશરે 6 ફૂટ ઊંડો મેનહોલ અડધો ખુલ્લો મુકાયેલો હતો. જેને કારણે આ ખુલ્લી લાઈન સીધેસીધી જ કોઈ મોટી દુર્ઘટનાને નોતરું આપી રહી હોય તેવી સ્થિતિ હતી. ધોળા દિવસે પણ રાહદારીઓ, રમી રહેલા માસૂમ બાળકો અને વાહનચાલકો માટે આ સ્થળ અત્યંત જોખમી બની ગયું હતું.

છેલ્લા કેટલાક દિવસોથી સુરત મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ અને સત્તાધીશો સ્થળ પરની વાસ્તવિક પરિસ્થિતિથી અજાણ હોય તેમ આ બાબતે ઉદાસીનતા સેવી રહ્યા છે. જોકે, આ અંગે ઉહાપોહ સર્જાતા આખરે રાંદેર ઝોનનું તંત્ર દોડતું થયું હતું અને આ વરસાદી પાણીના મેઈનહોલ પર ઢાંકણું મૂકીને તેને બંધ કરી દેવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આશરે 2-3 વર્ષ અગાઉ રાંદેર ઝોનના જ વરિયાવ વિસ્તારમાં ગટરના ખુલ્લા ઢાંકણાના કારણે 2 વર્ષના એક બાળકે જીવ ગુમાવ્યો હતો.

વહીવટી તંત્રની ગંભીર બેદરકારીને કારણે બે દિવસની લાંબી શોધખોળ બાદ છેક સુએજ પમ્પિંગ સ્ટેશન પરથી એ માસૂમ બાળકની લાશ મળી આવી હતી. આવી હૃદયદ્રાવક અને દુઃખદ ઘટના ઘટી હોવા છતાં મનપા તંત્ર દ્વારા આવી ખુલ્લી ગટરો બાબતે દાખવવામાં આવી રહેલી બેદરકારી ગમે ત્યારે નવી દુર્ઘટના નોંતરે તેમ છે. જોકે, આખરે અધિકારીઓએ ઢાંકણું બંધ કરી દેતા સમસ્યાનો અંત આવ્યો હતો.

### ગોડાઉનમાં રસોઈ-સફાઈકામ કરતા આધેડે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

સુરતઃ ખટોદરા વિસ્તારમાં ગોડાઉનમાં રસોઈ અને સફાઈકામ કરતા ૫૦ વર્ષીય આધેડે ગોડાઉનમાં જ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણના કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. મૂળ પશ્ચિમ બંગાળના મલિકપુરના વતની ચિતરંજન સુજાકાંત બૈધ્યા હાલ ખટોદરા રાયકા સર્કલ પાસે ધર્મનગરમાં આવેલા મહાલક્ષ્મી રેકોરેશનના ગોડાઉનમાં રહેતા હતા. તેઓ ગોડાઉનમાં કામદારો માટે રસોઈ બનાવવાની સાથે સફાઈનું કામ પણ કરતા હતા. તેમને બે પુત્રી અને એક પુત્ર છે. ગઈકાલે રાત્રે ચિતરંજને ગોડાઉનમાં લોખંડની એંગલ સાથે ગમછો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# 'આપ'વાળા આ બિલ્ડિંગ જોશે તો તેમનાં 'શીશમહેલ' ભૂલી જશેઃ પાટીલ

**નગર** પ્રાથમિક શિક્ષણ સમિતિના કાર્યક્રમમાં આપ પર પરોક્ષ પ્રહાર

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે આપ અને તેના રાષ્ટ્રીય નેતાઓ અરવિંદ કેજરીવાલ તથા મનીષ સિસોદિયા પર નામ લીધા વગર પ્રહારો કર્યા હતા. સુરત મનપાની પ્રાથમિક શાળાઓમાં રૂ. 34.13 કરોડના ભવ્ય ખર્ચે તૈયાર થયેલા 10 આધુનિક વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે સી.આર. પાટીલે દિલ્હીની સરકારી શાળાઓના મોડલનો પ્રચાર કરનારા આપ નેતાઓને સુરતની સરકારી શાળાઓની મુલાકાત લેવા ખુલ્લું આહ્વાન આપ્યું હતું. તેમણે કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, એક રાજકીય પાર્ટી એવો દાવો કરતી હતી કે અમે સૌથી સારું શિક્ષણ આપીએ છીએ અને સારી બિલ્ડિંગ બનાવીએ છીએ. મારે એમને ખુલ્લું આમંત્રણ છે કે એકવાર સુરત મહાનગરપાલિકાની આ 396 બિલ્ડિંગો આવીને જોઈ જાય, તમે તમારા 'શીશ મહેલ'ને પણ ભૂલી જાવ એ પ્રકારનું ભવ્ય કન્સ્ટ્રક્શન અહીં સરકારી શાળાઓમાં કરવામાં આવ્યું છે. સુરત મનપાની શાળાઓમાં આજે 2.10 લાખ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે અને 5,000થી વધુ શિક્ષકો સેવા આપી રહ્યા છે.

### સી.આર. પાટીલ સુરતની 50 સરકારી શાળાનું લિસ્ટ બહાર પાડેઃ ઇટાલિયા

મંત્રી પાટીલના આ નિવેદન સામે આપના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં 30 વર્ષથી ભાજપની મહાનગરપાલિકા છે. જો ભાજપે ખરેખર કામ કર્યું હોય, તો આખા દેશમાં નંબર 1 ગણી શકાય એવી 50 શાનદાર સુરતની સરકારી શાળાઓનું લિસ્ટ સી.આર. પાટીલે જાહેર કરવું જોઈએ. જો તમે આવું લિસ્ટ બહાર ન પાડી શકો તો ગુજરાતને લૂંટીને જે બંગલો બનાવ્યો છે, તેમાં હવે શાંતિથી પોતાનું પાછલું જીવન વિતાવો અને કેજરીવાલને કોઈ સલાહ આપવાની જરૂર નથી.

### સાંસદના નામે AIથી ડીપફેક વિડીયો બનાવી સાયબર ઠગાઈનો ખેલ

# 'હું ગોવિંદભાઈ ધોળકિયા, RBI વતી જૂના સિક્કા મોંઘા ભાવે ખરીદું છું'

**લોકો** પાસેથી UPIથી ચાર્જ વસૂલવાનો પ્રયાસ, તપાસમાં કોલ કરતાં શખ્સે ગોવિંદ ધોળકિયા- રાજકોટથી બોલતો હોવાનું જણાવી ચાર્જ માંગ્યો

સુરતઃ જાણીતા ઉદ્યોગપતિ અને રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાની ઓળખ સોશિયલ મીડિયા પર ફેક પ્રોફાઈલ અને ડીપફેક વિડીયો બનાવી લોકો સાથે છેતરપિંડી થઈ હતી.

કતારગામની SRK કંપની સંચાલક અને સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાના પર્સનલ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા ભાવેશકુમાર લાઠીયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યાનુસાર તાજેતરમાં કેટલાક અજાણ્યા નંબરો પરથી સોશિયલ મીડિયા પર Old Coin Companyના નામે ફેક પ્રોફાઈલો બનાવાઈ હતી. આ પ્રોફાઈલ્સમાં સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાના ફોટોગ્રાફ્સ અને તેમના જૂના વિડીયોનો ઉપયોગ કરીને 'ડીપફેક' વિડીયો તૈયાર કરવામાં આવ્યાં હતાં. ઠગો દ્વારા સામાન્ય જનતાને એવી ભ્રામક માહિતી આપવામાં આવતી હતી કે પોતે સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા બોલે છે અને રિઝર્વ બેંક (RBI) વતી જૂના ચલણી સિક્કાઓ મોંઘા ભાવે ખરીદે છે. સિક્કા ખરીદવાના બહાને ગ્રાહકો પાસેથી પ્રોસેસિંગ ફી કે ચાર્જ પેટે 1,500 ઓનલાઈન UPI મારફતે ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. SRK કંપનીના સિક્યુરિટી એન્ડ સર્વેલન્સ વિભાગના નિવૃત્ત DySP આર.જી. જાડેજાને આ વાતની જાણ થતાં તેમણે શકમંદ નંબરો પર સંપર્ક કર્યો હતો. સામેથી હિન્દીમાં વાત કરતી અજાણી વ્યક્તિએ પોતે ગોવિંદભાઈ ધોળકિયા હોવાનું અને રાજકોટથી બોલતો હોવાનું જણાવી ચાર્જ પેટે ઓનલાઈન રૂપિયા માંગ્યા હતા. જ્યારે પેમેન્ટ સંબંધિત વધુ પૂછપરછ કરવામાં આવી ત્યારે સામેવાળી વ્યક્તિએ ફોન કાપી નાંખ્યો હતો. સાંસદની છબી ખરડવા અને ભોળી જનતાને ઠગવાના ઈરાદાથી આ કારસો રચાયો હોવાનું બહાર આવતાં આખરે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# નકલી પનીર-ચીઝઃ વધુ 98 સંસ્થાનો 30 કિલો જથ્થો નાશ

**મનપા** દ્વારા આગામી દિવસોમાં આકસ્મિક તપાસ ચાલુ રહેશે

સુરતઃ એનાલોગ પનીર, એનાલોગ ચીઝ અને એનાલોગ બટરના ઉત્પાદન, વેચાણ તથા વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ લદાયો છે. ત્યારે સુરત મહાનગરપાલિકાનો ફૂડ વિભાગ સતત ત્રીજા દિવસે પણ હરકતમાં જોવા મળ્યો હતો.

તા. 8મી ઓગસ્ટે ફૂડ સેફ્ટી ઓફિસરોની અલગ-અલગ ટીમોએ શહેરના તમામ 9 ઝોનમાં સઘન ઝુંબેશ ચલાવી હતી. દરમિયાન એનાલોગ પ્રોડક્ટ્સનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરતી અંદાજે 98 જેટલી વેપારી સંસ્થાઓ, ડેરીઓ અને ખાણી-પીણીના એકમોમાં ઘનિષ્ઠ ચેકિંગ હાથ ધરીને સ્થળ પરથી આશરે 30 કિલોગ્રામ જેટલો પ્રતિબંધિત જથ્થો જપ્ત કરી તેનો નાશ કરવામાં આવ્યો હતો. જાણીતી હોટલો, સ્ટ્રીટ ફૂડની લારીઓ અને પિઝા-ઢોંસા સેન્ટરોમાં દૂધના બદલે કેમિકલ, પામ ઓઈલ (વેજિટેબલ ફેટ) અને સ્ટાર્ચના મિશ્રણથી બનેલું 'એનાલોગ ચીઝ-પનીર' વેચાતું હતું. મનપા તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ ચેકિંગ જારી રખાશે.

### કયા ઝોનમાં કેટલી સંસ્થાઓ તપાસાઈ

| ઝોન | તપાસ કરેલી કુલ સંસ્થા |
|---|---|
| સેન્ટ્રલ | 11 |
| રાંદેર | 20 |
| અઠવા | 11 |
| કતારગામ | 9 |
| વરાછા-એ | 7 |
| વરાછા-બી | 14 |
| ઉધના-એ | 11 |
| ઉધના-બી | 05 |
| લિંબાયત | 10 |

# શ્રીલંકા એક્સ્પો-2027 માટે રોડ શો યોજવા SGCCIનું આમંત્રણ

**EDBના** ચેરમેન મંગલા વિજેસિંઘેને ચેમ્બર પ્રમુખે આમંત્રણ આપ્યું

સુરત : દ.ગુ.ના ઉદ્યોગકારો અને રોકાણકારો માટે શ્રીલંકામાં નવા વેપાર અને રોકાણના માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. SGCCIના પ્રમુખ અશોક જીરાવાલાના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળે શ્રીલંકા પ્રવાસના અંતિમ દિવસે શ્રીલંકા એક્સપોર્ટ ડેવલપમેન્ટ બોર્ડ (EDB)ના ચેરમેન મંગલા વિજેસિંઘે સાથે બેઠક યોજી હતી. તા. 14થી 17 જાન્યુઆરી 2027 દરમિયાન કોલંબોના BMICH ખાતે યોજાનારા એક્સ્પોમાં વિશ્વભરના રોકાણકારો અને ઉદ્યોગપતિઓ ભાગ લેશે. ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ EDBના ચેરમેન તથા ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળને દક્ષિણ ગુજરાતમાં 1થી 2 દિવસનો રોડ શો યોજવા આમંત્રણ આપ્યું હતું. દરમિયાન EDB દ્વારા SGCCIના પ્રતિનિધિમંડળને જાન્યુઆરીના એક્સ્પોમાં ખાસ ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# નફાની લાલચમાં કાચના વેપારીએ 42.98 લાખ ગુમાવ્યા

**ઇન્સ્ટા** પર જોયેલી જાહેરાતથી રોકાણ કર્યા બાદ માત્ર એક લાખ આપ્યા, બીજા ઉપાડવા જતાં 11 લાખ ફી માંગી

સુરતઃ પાંડેસરામાં રહેતા અને કાચનો વેપાર કરતાં વેપારીને ઈન્સ્ટાગ્રામ મારફતે શેરબજારમાં રોકાણ કરવાનું લાખો ગુમાવવાનો વારો આવ્યો છે.

પાંડેસરાના આકાશ રો-હાઉસમાં રહેતા અને શીતલ ગ્લાસ સેન્ટર નામે દુકાન ધરાવતા ૪૯ વર્ષીય ધર્મેન્દ્ર શર્માને ઈન્સ્ટાગ્રામ પર શેર માર્કેટમાં રોકાણ કરી સારો નફો મેળવવાની જાહેરાત જોવા મળી હતી. જાહેરાતમાં આપેલી લીંક પર ક્લિક કરતા જ તેઓ '[M8] Axis Securities Limited' નામના વોટ્સએપ ગ્રુપમાં એડ થઈ ગયા હતા. આ ગ્રુપના એડમિન તરીકે વાત કરતી રીતીકા સિંઘ નામની મહિલાએ ભળતી જ વેબસાઈટની લિંક મોકલી ડીમેટ એકાઉન્ટ ઓપન કરાવી ટ્રેડિંગના નામે અલગ અલગ બેંક એકાઉન્ટોમાં રૂપિયા ભરવાનું શરૂ કરાવ્યું હતું. શરૂઆતમાં નાની રકમનું રોકાણ કરાવી નફો બતાવી વિશ્વાસ કેળવ્યા બાદ, ઠગ ટોળકીએ વેપારી તથા તેમના મિત્રના ખાતામાંથી તબક્કાવાર કુલ રૂ.૪૩,૯૮,૯૩૪ ટ્રાન્સફર કરાવી લીધા હતા. બાદમાં વેપારીએ વિડ્રો કરવા પ્રયાસ કરતાં ઠગોએ પ્રોસેસિંગ ચાર્જ પેટે વધુ રૂ.૧૧ લાખની માંગણી કરી હતી. જે અંગે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. માત્ર રૂ.૧ લાખ પરત આપી બાકીના રૂ.૪૨,૯૮,૯૩૪ હડપ કરી જનાર રીતીકા સિંઘ, કસ્ટમર કેર નંબર ધારક અને અલગ અલગ બેંક એકાઉન્ટ ધારકો સામે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.